

# ગણિત

## ધોરણ-3

દ્વિતીય સત્ર

## વાર્ષિક માસવાર આયોજન



વર્ષ – ૨૦૨૪/૨૫

આવા દરેક ધોરણના વિષયવાર આયોજન
શિક્ષણ સાગર એપ્લીકેશનમાં ઉપલબ્ધ છે.

SHIKSHAN SAGAR APPLICATION 2024-25

**નવેમ્બર માસનું પાઠ આયોજન**
**પાઠનું નામ: (૮) વધુ ભારે પડે કોણ ?**

**અધ્યયન નિષ્પતિ :**
M 306 સાદા વજનકાંટાની મદદથી ગ્રામ અને કિલોગ્રામ જેવા પ્રમાણભૂત એકમોનો ઉપયોગ કરીને વસ્તુઓનું વજન કરે છે.

***વિષયવસ્તુના મુદ્દા***

8.1 સરખામણી
8.2 વજનનું અનુમાન
8.3 તોલવાની સમજ

**શૈક્ષણિક મુદ્દા :**

- ગોળ અને મગફળીમાં વજન કોનું વધારે ?
- કોળું- ટામેટાંનો પંગો
- વર્ગના મિત્રોનું વજન
- વજન થી બમણું
- ગ્રામ તથા કિલોગ્રામ એકમ
- મસ્ત મસ્ત ખિચડી
- મહાવરો – ચર્ચા
- વજનીયાં અને ત્રાજવાં
- મુલાકાત : ભંગાર વેચનાર વેપારી, શાકભાજી અને કરિયાણાની દુકાન

**શૈક્ષણિક સાધન :-** પાઠ્ય પુસ્તક

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને ૧ કિલો ગોળ અને ૧ કિલો ગ્રામ મગફળીમાં વજન કોનું વધારે છે તે અનુમાન કરાવીશ. ચર્ચા કરીશ કે મગફળી ખરેખર વજનમાં ગોળ કરતાં વધારે છે ? અથવા તે માત્ર વધારે દેખાય છે ? વિદ્યાર્થીઓ પાસે અનુમાન કરાવીશ કે આમાંથી કોણ માટે તમારે વધારે મોટી (બેગ) થેલિની જરૂર છે ? ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓએ કરેલ અનુમાન સાચું છે કે નહીં તેની ચકાસણી કરાવીશ. "કેળું- ટામેટાં નો પંગો" વાત રજૂ કરીશ. તેના આધારે વિદ્યાર્થીઓને અનુમાન કરાવીશ કે કેટલા નાના ટામેટાં કેળાને ખીચવા પર ઊભું કરી સકે ? કેટલી મોટી કેરીઓ કોલને સમતોલ રાખી શકે ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓ અનુમાન કરશે. વિદ્યાર્થીઓ ને તેમના મિત્રોના વજન વિશે પૂછીશ કે જેમનું વજન સરખું હોય, વધારે હોય કે ઓછું હોય. ભારતીના જન્મ દિને તેના માતા -પિતા દર વર્ષે ભારતીના વજન કરતાં બમણા વજનની મીઠાઇ ગરીબ લોકોને વહેછે છે. ભરતીની ૧ થી ૫ વર્ષની ઉમરને ધ્યાનેમાં રાખી વજન અને મીઠાઈન જથ્થાનું અનુમાન કરાવીશ. ખિચડી બનાવવાના દરેક વસ્તુના જથ્થામાં કઈંક ઘણું જ ખોટું થયું છે ? તો તે વસ્તુના સાચા જથ્થા સાથે જોડાવીશ.

વિદ્યાર્થીઑ સાથે મહવારોની ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓને નજીકમાં ભંગાર વેચનાર વેપારીની, શાકભાજીની દુકાન અને કરિયાણાની દુકાનની મુલાકાત કરાવીશ. જૂથમાં ચર્ચા કરાવીશ. પ્રશ્નોત્તરી કરીશ.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ રમત**

પ્રવૃતિ : હાથ સીધો રાખીને એક હાથ પર કેટલા પુસ્તકો ઊચકી શકશો ?

પ્રોજેક્ટ : ભંગાર વેચનાર વેપારી શાકભાજી અને કરિયાણાની દુકાનની મુલાકાત પ્રશ્નોત્તરી

**મૂલ્યાંકન** - મહાવરો લખવા જણાવીશ.

## ડિસેમ્બર માસનું પાઠ આયોજન
## પાઠનું નામ: (૯) કેટલા વખત ?

**અધ્યયન નિષ્પતિ :**

M313 રોજિંદા જીવનની પરિસ્થિતિમાં ૨, ૩, ૪ અને ૧૦ ના ગુણાકારના તથ્યો (ઘડિયા)નું નિર્માણ કરે છે અને ઉપયોગ કરે છે.

***વિષયવસ્તુના મુદ્દા***

9.1 ઘડિયાની સમજ
9.2 વ્યવહારુ કોયડા
9.3 ગુણાકારની સમજ
9.4 ડઝનનો ખ્યાલ

**શૈક્ષણિક મુદ્દા :**

- પગપાળા પ્રણિયો
- ગુણાકારે પુનરાવર્તિત સરવાળો છે.
- ગણ્યા વગર સંખ્યા શોધો
- 2 કેટલી વખત છે ?
- મારી સાથે કૂડો
- ઘડિયાળની રચના
- ગુણાકાર
- ઘડિયાળની મદદથી ખરીદી
- મોટી સંખ્યાના ગુણાકાર
- બે અંકની સંખ્યા સાથે એક અંકની સંખાય ના ગુણાકાર
- બે અંકની સંખ્યા સાથે બે અંકની સંખ્યા ના ગુણાકાર
- વ્યાવહારિક ગુણાકાર ના દાખલ
- ગુણાકારની પેટર્ન

**શૈક્ષણિક સાધન :**- પાઠ્ય પુસ્તક

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને પગપાળા પ્રણિયોના પગ ની ગણતરી પુનરાવર્તિત સરવાળા દ્વારા બતાવીશ. ગુણાકારને પુનરાવર્તિત સરવાળો છે, જે સંકલ્પના ઉદાહરણ દ્વારા સ્પષ્ટ કરીશ. વિદ્યાર્થીઓને ફૂલડણીના

ફૂલની હર દ્વારા કુલ ફૂલની સંખ્યા શોધવીશ. વિવિધ ઉદાહરણ દ્વારા સંખ્યા શોધવીશ. વ્યાવહારિક કોયડા ઉકેલાવીશ. 2 કેટલી વખત છે ? તે ઉદાહરણ દ્વારા સમજવીશ. 3 પગલાં, 4 પગલાં, સાત પગલાં કૂદકો લગાવવાની પ્રવૃતિ કરવી ઘડિયાળની રચના કરાવીશ. લકડીની રમત રમાડી ગુણાકાર કરાવીશ. 6 નો ઘડિયો બનાવવા માટે લાકડાની ગોઠવાણી કરાવીશ. ઘડિયાળની મદદથી ખરીદી કરવી ગણતરી કરાવીશ. બે અંકની સંખ્યા સાથે એક અંકની સંખ્યાના ગુણાકાર સિખાવીશ. માહવાર દ્વારા વધુ દ્રઢીકરણ કરાવીશ. વ્યાવહારિક ગુણકાર ના દાખલ ગણવીશ. બે અંકની સંખ્યા સાથે બે અંકની સંખાય ગુણકર્ણ દાખલ ગણવીશ. ગુણાકારની પેટર્ન 9 ના ઘડિયાની પેટર્ન દ્વારા બતાવીશ. મહાવરો દ્વારા દ્રઢીકરણ કરાવીશ.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ રમત**

રમત : લકડીની રમત

**મૂલ્યાંકન**

- મહાવરો લખો
- મહાવરો લખો
- મહાવરો લખો

**જાન્યુઆરી માસનું પાઠ આયોજન**

**પાઠનું નામ:** (૧૦) ભાત (પેટર્ન) ની રમત

**અધ્યયન નિષ્પતિ :**

M311 સરખા આકાર અને સંખ્યાઓમાં પેટર્ન વિસ્તારે છે.

***વિષયવસ્તુના મુદ્દા***

10.1 ચિત્ર પેટર્ન

10.2 શબ્દ પેટર્ન

10.3 સંખ્યા પેટર્ન

**શૈક્ષણિક મુદ્દા :**

- આપણી આજુબાજુની ભાત પેટર્ન
- પ્રવૃત્તિ : પેટર્ન દોરો
- જયપુર – બ્લોક પ્રિન્ટની ભાત
- પેટર્નનાં ચિત્રો
- વિકસતી પેટર્ન
- મારી પોતાની પેટર્ન
- અંક પેટર્ન
- ખાનગી સંદેશા

- એકી અને બેકી સંખ્યાઓની પેટર્ન
- ક્રમમાં નામ

**શૈક્ષણિક સાધન :-** પાઠ્ય પુસ્તક

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને રોજબરોજ જીવનમાં જોવામળતી ઘણી પેટર્ન વિશે જણાવીશ. વાડનો તાર, બારીની જાળી, સાપ વગેરે ઉદાહરણથી પેટર્ન સરજાવીશ. વિદ્યાર્થીઓને આસપાસ પેટર્ન જોવા મળતી હોય તેવી ત્રણ વસ્તુઓનાં નામ લખાવીશ. જયપુરમાં બ્લોક પ્રિન્ટની ભાત જોવા મળે છે તેના નમૂના બતાવીશ. દરેક બ્લોકમાં પેટર્નનું પુનરાવર્તન થાય છે તે બતાવીશ. ચિત્રની કેટલીક પેટર્નનું અલોકન કરાવીશ. દરેક પેટર્નનો નિયમ બતાવીશ. પેટર્ન સતત વિકસતી જાય છે. તેનું પુનરાવર્તન થતું નથી. તેવી પેટર્નના નમૂના બતાવીશ. તેવી પેટર્ન બનાવવા જણાવીશ. આપેલ જગ્યામાં વિદ્યાર્થીઓને પોતાની પેટર્ન બનાવવા જણાવીશ. અંકોની પેટર્ન બનાવતાં શીખવીશ. જે સતત વિકસતી પેટર્ન છે તે બતાવીશ. નિયમ ઓળખી વિકસતી પેટર્નને આગળ વધારવા જણાવીશ. ખાનગી સંદેશાની પેટર્નને ઓળખાવીશ. છુપાયેલા વાક્યને શોધવા જણાવીશ. વિદ્યાર્થીઓને આ રીતે ખાનગી સંદેશ બનાવવા જણાવીશ. એકી અને બેકી સંખ્યાઓની પેટર્ન આપેલ સંખ્યાના કોષ્ટકમાં બતાવીશ. તે જ રીતે પેટર્નને આગળ વધારી ખાલી જગ્યામાં પૂર્ણ કરાવીશ. આપેલ નામની યાદીને તે કકકાવારીમાં ક્રમ મુજબ જે ક્રમમાં આવતાં હોય તે રીતે નામની સામેના ખાનામાં ( ) ક્રમ લખવા જણાવીશ. આપેલ નામમાં સરખી પેટર્ન છે ? હોય તો √ ની નિશાની કરાવીશ.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

પ્રવૃત્તિ : તમારી આસપાસ જોવા મળતી હોય તેવી પેટર્ન દોરો.

પ્રવૃત્તિ : તમે બનાવેલી પેટર્નને આગળ વધારવા તમારા મિત્રને કહો.

**મૂલ્યાંકન**

- મહાવરો : પેટર્નને આગળ વધારો
- આપેલી પેટર્નને આગળ વધારો.

**જાન્યુઆરી માસનું પાઠ આયોજન**

**પાઠનું નામ: (૧૧) જગ અને મગ**

**અધ્યયન નિષ્પતિ :**

M 307 બિનપ્રમાણિત એકમો વડે વિવિધ પાત્રોની ગૂંજાશની સરખામણી કરે છે.

***વિષયવસ્તુના મુદ્દા***

11.1 બિનપ્રમાણિત પાત્રોની ક્ષમતાની સરખામણી કરે છે.

11.2 બિનપ્રમાણિત એકમોની મદદથી વિવિધ પાત્રોની ક્ષમતાનું માપન કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- બન્નીના પરિવારમાં લગ્ન
- પાણી અંદર, પાણી બહાર ?
- બોટલ અને ડોલ
- પ્રવાહી માપન
- લિટરની સમજ
- સાચી જોડ બનાવો.
- માટલાં ભરવાની પ્રવૃત્તિ
- કેટાં પ્યાલા ? પ્રવૃત્તિ
- પ્રવૃત્તિ – ખાડા ભરવા

**શૈક્ષણિક સાધન :**

- પાઠય પુસ્તક
- પ્રવૃત્તિ માટે જરૂરી સાધનો

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને બન્નીના પરિવારમાં લગ્નના પ્રસંગની વાત કરીશ. વિશિષ્ટ પીણું જે મહેમાનો આો પ્યાલો પીણું પી શકે નહી, પરંતુ અમુક મહેમાનો આખો પ્યાલો પીણું પી શકે તેવા શક્તિમાન તે અંગે જણાવીશ. જરૂરી ચર્ચા કરીશ. અમુક મહેમાનો વધારે પ્યાલા પીણું પી ગયા. કયા મહેમાનો કેટલું પીણું પીધુ તે કોષ્ટક ભરાવીશ. દિવસમાં કેટલા પ્યાલા પાણી પીઓ છો ? તે દરેક વિદ્યાર્થીઓ પાસેથી જણાવીશ. શરીરમાંથી કેટલું પાણી બહાર જાય છે ? તે અંગે ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓને ૧ લિટરની બોટલની મદદથી કયા વાસણમાં ૧ લિટરથી વધુ પાણી સમાય છે ? અને ૧ લિટરથી ઓછું પાણી સમાય છે ? તે નકકી કરાવીશ. ૧ લિટરની બોટલથી ડોલમાં કેટલા લિટર પાણી સમાશે તે નકકી કરાવશી. લિટર માપની સામે તેના પાત્રની સાચી જોડ બનાવડાવીશ. કોના જગમાં વધુ સમાશે ? તે પ્રવૃત્તિ દ્વારા બતાવીશ. વિદ્યાર્થીઓ દ્વારા પ્રવૃત્તિ કરાવીશ. નશીમ અને અબ્દુલ પાણીથી તેમના માટલાં ભરે છે બંન્ને માટલા સરખા છે નસીમ ૧૬ વાર બોટલ ભરે છે. અબ્દુલ ૮ વાર બોટલ

ભરે છે. નસીમ અબ્દુલક કરતાં વધુ વખત કેમ ગઇ ? ચર્ચા કરીશ. 'અ' માટલામાં 'બ' માટલા કરતાં બમણુંક પાણી સમાય છે ? તે વિશે ચર્ચા કરીશ. કોહિમા નજીકના શહેરમાં રસ્તા પર ખાડા પડયા છે. બાળકો આ ખાડાને એક સરખાં મગ દ્વારા કાંકરાથી પુરે છે. તે અંગે માહિતી આપી પ્રશ્નોત્તરી કરીશ.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

પ્રવૃત્તિ : વાસણમાં પાણીનો સમાવેશ.

**મૂલ્યાંકન** - પ્રશ્નોના ઉત્તરો લખવા જણાવીશ.

## ફેબ્રુઆરી માસનું પાઠ આયોજન

**પાઠનું નામ:** (૧૨) આપણે ભાગ પાડી શકીશું ?

**અધ્યયન નિષ્પતિ :**

M314 ભાગાકારના તથ્યો સમાન જૂથ, સમાન વહેંચણી અને પુનરાવર્તિત બાદબાકીના સંદર્ભમાં સમજે છે.

***<u>વિષયવસ્તુના મુદ્દા</u>***

12.1 ભાગાકારની સંકલ્પના સમજે છે.

12.2 ઘડિયાની મદદથી ભાગાકાર કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- દરેલ જૂથમાં કેટલા છે ?

પ્રવૃતિ આૅ વસ્તુને સરખા જૂથમાં વહેચો.

- "દાણાને વહેચો"

પ્રવૃતિ દ્વારા ભાગાકારની સમજ

- દરેક ને સરખે ભાગે વહેચો
- ભાગાકાર સ્વરૂપે લખો
- કેટલાં ખાના છે ?
- કુદતા પ્રાણીઆૅ દ્વારા પ્રશ્નોતરી
- તમે કેટલી જડપથી ગણી શકશો ?
- કોયડો

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક
- મૂર્ત વસ્તુઓ

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને વિવિધ વસ્તુઓના જૂથની સમજ આપીશ. કુલ વસ્તુઓના જુથ કેટલા બને તે સમજવીશ. આપેલ વસ્તુઓને સરખા જૂથમાં વહેચવાની પ્રવૃતિ કરાવીશ. દરેક જૂથમાં કેટલી સંખ્યા છે તે કહેવા જણાવીશ. "દાણાને વહેચો" પ્રવૃતિ દ્વારા ભાગાકારની સમજ આપીશ. વ્યાવહારિક ઉદાહરણ દ્વારા ભાગાકાર કરતાં શિખવીશ. દરેકને સરખે ભાગે વહેછટ શિખવીશ. વ્યાવહારિક

કોયદાન દાખલ શિખવીશ. "કેટલા ખાના છે" ની પ્રવૃતિ કરાવીશ. બાળકોને વસ્તુઓને સરખે ભાગે વહેચવાનો અને તેને ભાગાકાર સ્વરૂપે લખવાનો મહાવરો કરાવીશ. કૂદતા પ્રાણીઓ કેટલા પગલાં કૂદે છેતે વાંચન કરાવીશ. આપેલ રસ્તાનો ઉપયોગ કરી જવાબ શોધવીશ. ૨ ના ઘડિયા, ૫ નો ઘડિયો, ૧૦ નો ઘડિયાનો ઉપયોગ કરીને જૂથમાં ભાગ કરાવીશ. કોયદનું વાંચન કરાવીશ. ઉકેલ મેળવવા જણાવીશ.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

પ્રવૃતિ : આપેલ મૂર્ત વસ્તુઓના સરખા ભાગે વહેચી જુથ બનાવો.

**મૂલ્યાંકન**

- મહાવરો લખો.

**ફેબ્રુઆરી માસનું પાઠ આયોજન**

**પાઠનું નામ: (૧૩) સ્માર્ટ ચાર્ટ**

**અધ્યયન નિષ્પતિ :**

M312 ચિહ્ન અને ચિત્રાત્મક રજૂઆત દ્વારા માહિતીની નોંધ કરે છે અને તારણ કાઢે છે.

***વિષયવસ્તુના મુદ્દા***

12.1 ભાગાકારની સંકલ્પના સમજે છે.

12.2 ઘડિયાની મદદથી ભાગાકાર કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- જુદા – જુદા રંગોના ફૂલો
- બગીચામાં જોયેલા ફૂલો
- ફૂલો ના આધારે કોસત્યક પૂર્ણ કરો
- પ્રવૃતિ : માં પસંદ ફૂલ દોરો
- આપણે રસ્તા પર શું જોઈએ છીએ ?
- ટ્રાફિકના ચિત્રનું અવલોકન
- રમત : પાસાની રમત
- આસપાસ ના લોકો પાસેથી માહિતીનું એકત્રીકરણ
- મિત્રો પાસે થી ઘરના માણસોની સંખ્યા ની માહિતી એકત્રિત (જૂથમાં)
- સહપાઠી મિત્રોએ લાવેલ નાસ્તાની વિગતનું એકત્રીકરણ (જૂથમાં)
- ચાર્ટ સાથે સ્માર્ટ બનો
- તમારો હાથ કેટલો લાંબો છે ?

પ્રવૃતિ

- બાળકો શાળાએ આવે છે તે આવવાની રીતનું ચિત્રમાં અવલોકન
- ચાર્ટ બનાવવો.
- અનગમતી શાકભાજી
- કોઠાણ આધારે ચાર્ટ બનાવો

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને જુદા જુદા રંગના ફૂલોના ચિત્રોનું અવલોકન કરાવીશ. બગીચામાં જોયેલા જુદા જુદા ફૂલોની માહિતી મેળવીશ. ચિત્રમાં આપેલ ફૂલોના આધારે કોષ્ટક પૂર્ણ કરાવીશ. ફૂલ દોરવાની પ્રવૃતિ કરાવીશ. કોષ્ટકના આધારે ખાલી જગ્યા પુરવીશ. ટ્રાફિકના ચિત્રનું અવલોકન કરવી કોઠો ભરવીશ. કોઠાણ આધારે આપેલ ખાલી જગ્યા પુરવીશ. વિદ્યાર્થીઓને પાસાની રમત રામડીશ. તેના આધારે કોષ્ટક ભરવીશ. પ્રશ્નોના ઉત્તર લખવા જણાવીશ. વિદ્યાર્થીઓને આસપાસના લોકો પાસેથી તેમની માં પસંદ મીઠાઇ અંગે જાણી લાવવા કહીશ. તેના આધારે કોઠો ભરવીશ. કોઠા પરથી નીચે આપેલ પ્રશ્નોના જવાબ આપવા જણાવીશ. વિદ્યાર્થીઓના જુથ બનાવી તેમના મિત્રોના ઘરમાં કેટલા માણસો રહે છે તે પૂછી કોઠો ભરવીશ. તેના આધારે ખાલી જગ્યા પુરવીશ. તથા સહપાઠી મિત્રો આજે નાસ્તામાં શું લાવ્યા છે તે વાનગીનું નં અને વિદ્યાર્થીઓની સંખ્યા લખવા જણાવીશ. ખાલી જગ્યા પુરવીશ. વિદ્યાર્થીઓને હાજરી ચાર્ટનું વાંચન કરાવીશ. તથા ગેર હાજરી ચાર્ટનું વાંચન કરાવીશ. વિદ્યાર્થીઓને ચાર્ટ ના આધારે ખાલી જગ્યા પુરાવા જણાવીશ. વિધરીઓને ૪-૪ મિત્રોના જુથ બનવડાવીશ. નકામા કાગળની પટ્ટીઓ કપાવીસ. દરેક વિદ્યાર્થીઓને હાથ કાગળની પત્તિથી મપાપટ્ટી વન સ્તંભ આલેખ ચાર્ટ પ્રમાણે ચોટડાવીશ. ચિત્રના આધારે ખાલી જગ્યા પુરવીશ. બાળકો શાળાએ આવે છે તે ચિત્રનું અવલોકન કરવા જણાવીશ. તેના આધારે કોઠો ભરવીશ. તે સંખ્યાને આપેલ ચાર્ટમાં ચહેરા દોરી બતાવવા જણાવીશ. તેના આધારે ખાલી જગ્યા પૂર્ણ કરાવીશ. પક્ષી / પ્રાણી ના આધારે માહિતીનો ચાર્ટ તૈયાર કરવા જણાવીશ. વિદ્યાર્થીઓને પોતાના મિત્રોને અણગમતી શાકભાજી વિશે પૂછવા જણાવીશ, તેના આધારે કોઠો પૂર્ણ કરાવીશ. કોઠા ના આધારે ચાર્ટમાં બાળકોની સંખ્યાના ચહેરા દોરવા જણાવીશ.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

પ્રવૃતિ : તમને માં પસંદ કોઈ ફૂલ દોરી રંગ પૂરો

પ્રોજેક્ટ : તમારી આસપાસ ના લોકો પાસેથી તેમની માં પસંદ મીઠાઇ જાની કોષ્ટક પૂર્ણ કરો

પ્રવૃતિ : હાથના માપ ની કાગળની સરખી પહોળાઈ વળી પટ્ટીઓ કાપો.

**મૂલ્યાંકન**

- ચિત્ર ના આધારે પ્રશ્નોના ઉત્તરો લખવા જણાવીશ.

- મહાવરો : તમારી આસપાસની વસ્તુઓ વિશે તમારો પોતાનો સ્માર્ટ ચાર્ટ બનાવો.

## માર્ચ માસનું પાઠ આયોજન

**પાઠનું નામ:** (૧૪) રૂપિયા પૈસા

**અધ્યયન નિષ્પતિ :**

M 302 જૂથમાં વિભાજિત કરીને કે કર્યા વિના નાણાંની નાની રકમના સરવાળા બાદબાકી કરે છે.

***વિષયવસ્તુના મુદ્દા***

14.1 ચલણીનાણાંની સમજ

14.2 ચલણીનાણાં આધારિત સરવાળા અને બાદબાકી

14.3 સાદા બીલની સમજ

14.4 ચલણી નાણાં અધારિત વ્યવહારૂ કોયડાઓ ઉકેલે.

**શૈક્ષણિક મુદ્દા :**

- પ્રવૃત્તિ : પૈસા માટેનું પાકિટ બનાવવું.
- આપણા પાકીટ માટે પૈસા
- સિક્કાની છાપ પાડવી
- કાગળની ચલણી નોટો
- પૈસાની રમત
- આપેલ રકમને દર્શાવવા નોટ તથા સિક્કાનો ઉપયોગ
- નોટ અને સિક્કા દ્વારા રકમ દર્શાવવી.
- રૂપિયા તથા પૈસાની સમજ તથા ગણતરી
- ખરીદી (દુકાન) મોલ પર
- વીસ રૂપિયાની નોટ દ્વારા ખરીદી શકાય તેવી વસ્તુઓની નોધ
- કેશ – મેમો બનાવવો.
- મોનુંએ બનાવેલ બિલની ચકાસણી
- સરવાળા – બાદબાકીના દાખલા
- શોધો : કયા વિસ્તારમાં નાનાં બાળકોને કામ કરવાની ફરજ પાડવામાં આવે છે ?

**શૈક્ષણિક સાધન :**

- પાઠય પુસ્તક
- ચલણી નાણું નમૂનાઓ

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને કાગળમાંથી પૈસા માટેનું પાકીટ બનાવવાની પ્રવૃત્તિ કરાવીશ. વિદ્યાર્થીઓ પાકીટ બનાવશે. જુદા – જુદા પૈસાના સિક્કા મંગાવી કાગળ પર સિક્કાની છાપ પડાવીશ. તે સિક્કાની છાપને કાપી પાકીટમાં રાખવા જણાવીશ. કાગળને કાપી ચલણી નોટો બનાવડાવીશ. દરેક નોટ પર તેની કિંમત લખાવીશ. નીચેની રકમને દર્શાવવા માટે નોટ અને સિક્કાનો ઉપયોગ કરવા જણાવીશ. આપેલ નોટ અને સિક્કા દ્વારા રકમ દર્શાવવા જણાવીશ. રૂપિયા અને પૈસાનો ઉપયોગ કરી ખરીદીની કિંમત મૌખિક રીતે ગણતરી કરી શોધાવીશ. દુકાન (મોલ) ની વસ્તુની આપેલ કિંમત દ્વારા આપેલ વસ્તુની કિંમત શોધવા જણાવીશ. વીસ રૂપિયાની નોટ હોય તો, તમે શું – શું ખરીદી શકો તે નોંધવા જણાવીશ. જે વસ્તુઓ ખરીદી તેનો કેશ-મેમો બનાવવા જણાવશી. મોનુંએ બનાવેલ બિલની ચકાસણી કરાવીશ. ભૂલ જણાય તો સુધારવા જણાવીશ. આપેલ સરવાળા અને બાદબાકીના દાખલા શીખવીશ. વિસ્તારમાં નાનાં બાળકોને કામ કરવાની ફરજ પાડવામાં આવતી હોય તેની નોધ કરવા જણાવીશ.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

પ્રવૃત્તિ : કાગળમાંથી પૈસા મુકવાનું પાકીટ બનાવો.

પ્રવૃત્તિ : સિક્કાની છાપ પાડવી.

**મૂલ્યાંકન**

- મહાવરોમાં આપેલ દાખલા ગણવા જણાવીશ.
- રૂપિયા અને પૈસાના વ્યાવહારિક દાખલા ગણવા જણાવીશ.